ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



## આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં આંકરા ઉનાળાનો અનુભવ, તાપમાન 42 ડિગ્રી પર પહોંચ્યું

# ચરોતરમાં ગરમીનો મીજાજ, બપોરે માર્ગો સુમસામ

**આણંદ અને નડિયાદ** શહેરમાં તાપમાનનો પારો પારો ઊંચે ચઢતાં જનજીવનને અસર

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ગરમીનો પારો વધી ગયો છે. સવારના 10 વાગ્યાથી જ અંગ દઝાડતી ગરમીનો અનુભવ થવા લાગે છે. તેમાંય બપોર થતાં જ માર્ગો પર સ્વયંભુ કરફ્યું હોય તેવો માહોલ જોવા મળે છે. લોકો ઘર અને ઓફિસમાં જ પુરાઇ રહેવાનું જ પસંદ કરી રહ્યાં છે. જોકે, સૌથી વધુ કફોડી સ્થિતિ પશુ અને પક્ષીઓની થઈ છે.

ખેડા જિલ્લામાં ઉનાળામાં આકરો તાપ પડી રહ્યો છે. નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં અંગ દઝાડતી ગરમીથી જીલ્લા વાસીઓ ત્રાહીમામ પોકારી ઊઠયા છે. તો આવી ગરમી ટાંણે બપોરના સમયે ખાસ અસર જોવા મળે છે. નડિયાદ શહેરમાં અતિવ્યસ્ત એવા સ્ટેશન રોડ, સંતરામ રોડ, પીજ રોડ સહિતના વિસ્તારોમાં વાહનચાલકો સહિત રાહદારીઓની ઓછી ચહલપહલ જોવા મળે છે.

સમગ્ર રાજ્યની સાથે સાથે ખેડા જિલ્લામાં પણ તાપમાનનો પારો ઊંચે ચઢ્યો છે. નડિયાદ, મહુધા, વસો, ખેડા, માતર, કપડવંજ, કઠલાલ, ઠાસરા,







ગળતેશ્વર તાલુકા મથકે અને ગામતળમાં ગરમીની ઈફેક્ટ જોવા મળી રહી છે. ખાસ કરીને બપોરના 1થી 4ના સમયગાળામાં લોકો બહાર જવા આવવાનું ટાળે છે અને ઘરમાં પુરાઈ રહે છે. જેના કારણે સતત 24 કલાક વાહનો અને રાહદારીઓથી સતત ધમધમતો રોડ પર આ સમયે એકલદોકલ લોકો આવનજાવન કરતા જોવા મળી રહ્યા છે.

નડિયાદ શહેરમાં આજે તાપમાન 39 ડીગ્રી નોંધાયું છે. ત્યારે હજુ પણ આગામી દિવસોમાં આ તાપમાન વધે તેવી સંભાવના છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ જિલ્લા વાસીઓ હીટ વેવનો ભોગ ન બને તે હેતુસર પુરતા પ્રમાણમાં શરીરમાં પાણી પીવો તેવી અપીલ કરાઈ છે. મહત્વનું છે કે, હજી ચૈત્ર માસ ચલી રહ્યો છે. ત્યારે આગામી વૈશાખ પણ હજી બાકી છે ત્યારે આવનાર દિવસોમાં નડિયાદ સહિત સમગ્ર ચરોતર પંથકમાં તાપમાનનો પારો વધે તો નવાઈ નહીં રહે.

### ફરી એક વખત ગરમીનો પારો વધશે

આણંદ કૃષિ હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યાં પ્રમાણે એપ્રિલ મહિનાના છેલ્લા સપ્તાહમાં અને મે મહિનાના પ્રથમ સપ્તાહમાં આણંદ -ખેડામાં ભયંકર ગરમીનો પ્રકોપ રહેશે. આગામી ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાન વધવાની સંભાવના છે. હાલમાં મધ્ય ગુજરાત પર ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે ધીમે ધીમે તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે. આણંદ કૃષિ હવામાન વિભાગમાં બુધવારે નોંધાયેલા તાપમાન પર નજર કરી તો મહત્તમ તાપમાન 38 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 24 ડિગ્રી નોંધાયું છે. જ્યારે ભેજનુ પ્રમાણ 61 ટકા અને પવનની ગતિ 2.9 કિમીની નોંધાઇ છે. આગામી દિવસો ચરોતરમાં પુનઃ ગરમ પવનોનું જોર વધવાની સંભાવના છે.

# ખેડા જિ.માં આયુષ્યમાન કાર્ડ મેળવવા પ્રજાને પડતી મુશ્કેલી

**રેશનકાર્ડમાં ગુજરાતી,** અંગ્રેજી નામમાં ભૂલ હોવાથી હાલાકી

(પ્રતિનિધિ) મહુધા તા.24

ખેડા જિલ્લાના તાલુકાઓમાં આયુષ્માન યોજના અંતર્ગત આપવામાં આવતી કાર્ડની સુવિધામાં આવતી નામની સામાન્ય ભુલના પગલે ગંભીર પ્રશ્નો ખડા થાય છે અને પ્રજા પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા જયારે રેશન કાર્ડ બનાવવામાં આવ્યા ત્યારે ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવ્યા હતાં. જયારે આયુષ્માન કાર્ડ બનાવવામાં ગુગલ ટ્રાન્સલેટ નાખવામાં આવ્યું છે. જેમાં ગુજરાતી ભાષા સાચી હોય છે, એટલે કે નામ સાચા હોય અને અર્થઘટન ખોટું થાય છે. જેથી આયુષ્યમાન યોજનાનો 10 લાખની સહાય મેળવવાથી નાગરિકો વંચિત રહે છે. જયારે કચેરીમાં ફરજ બજાવતા હંગામી કર્મચારીઓ કાર્ડ સુધારવાની જરૂર છે, તેમ એમ કહી સુધારા માટે મામલતદાર કચેરીમાં મોકલી આપે છે અને સુધારો થયા પછી પણ આયુષ્યમાન કાર્ડમાં સુધારો અને અસર જોવા મળતી નથી.

આ અંગે મામલતદાર કચેરીમાંથી જવાબદાર અધિકારી દ્વારા સુધારી આપ્યા બાદ પણ નોંધણીમાં અખાડા કરવામાં આવે છે. જેના કારણે પ્રજાને ધક્કા ખાવાનો વખત આવે છે.

### પુરવઠા અને આરોગ્ય વિભાગમાં સંકલનનો અભાવ

આયુષ્માન કાર્ડ મેળવવા માટે લાભાર્થીઓને મુખ્યત્વે રેશનકાર્ડના નામ અને આવકનો દાખલો અથવા બીપીએલની વિગતો સુસંગત હોવી જરૂરી છે. પરંતુ રેશનકાર્ડની વિગતો અને આરોગ્ય દ્વારા કરાતી આયુષ્માન કાર્ડની કામગીરીમાં નામ સહિતની વિસંગતતાઓ સર્જાઈ છે જેથી લાભાર્થીઓને ઘણી જ મુશ્કેલીઓ વેઠવી પડે છે જેથી બંને વિભાગ દ્વારા વહેલી તકે યોગ્ય સંકલન કરી મુશ્કેલીઓનું નિવારણ કરવામાં આવે તેવી માંગ વ્યાપી છે.

# નડિયાદ શહેરના વેપારી 7મીએ ડિસ્કાઉન્ટ આપશે

**વેપારીઓને મતદાન** જાગૃતિ માટે સમજૂત કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

ખેડા જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી રેવન્યુ મીટીંગ હોલ નડિયાદ ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત નડિયાદ શહેરની વિવિધ હોટેલ, રેસ્ટોરેન્ટ, થિએટર, મલ્ટીપ્લેક્ષ, મોલ, મેડીકલ સ્ટોર, લેબોરેટરી, ગૃહ ઉદ્યોગ, વેપારી એસોસિયેશન, પાણી પુરી સ્ટોલ ધારકો વગેરે માલિકો, પ્રતિનિધિઓને બોલાવી નડિયાદ શહેરીજનો વધુમાં વધુ મતદાન કરે એ બાબતે મતદાન જાગૃતિ કરવા અપીલ કરવામાં આવી હતી.

નડિયાદના વેપારીઓને 7મી મે,2024 મતદાનના દિવસે મતદાન કરી આવનાર મતદાતાઓને 07% ના દરે ડિસકાઉન્ટ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેની અમલવારી કરવા ઉપસ્થિત સૌ વેપારીઓએ ખાતરી આપી હતી. સાથે જ શહેરના વેપારીઓ, દુકાનદારોને તેમની શોપ, માર્ટ કે મોલ વગેરે સ્થળોએ મતદાન માટે અપીલ કરતા પેમ્ફલેટ્સ/પોસ્ટર વગેરે લગાવી સાથે જ સોશિયલ મીડિયાના માધ્યમથી પણ જાગૃતિ લાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. તથા વેપારીઓને મતદાન જાગૃતિના સંદેશો ફેલાવતા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

### બોરસદમાં મતદારોને જાગૃત કરવા ખાસ ઝુંબેશ હેઠળ રેલી યોજાઇ




આણંદ સંસદીય મતવિસ્તારમાં દરેક મતદાર પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરવા માટે મતદાન જાગૃતિના અનેક કાર્યક્રમો દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જે અન્વયે બોરસદ વિધાનસભા મત વિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારી અમીત પટેલ દ્વારા સમગ્ર વિભાગમાં મતદાર જાગૃતિના કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. જે મુજબ બોરસદ નગરપાલિકા દ્વારા બોરસદ શહેરી વિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાન અર્થે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં બોરસદ નગરપાલિકા દ્વારા બોરસદ શહેરી વિસ્તારના મતદાન મથક નં. બોરસદ-૮ થી બોરસદ-15 સુધીના વિસ્તારો જેમાં રબારી ચકલાથી બોરસદ નગરપાલિકા સુધી મતદાર જાગૃતિ રેલી યોજાઈ હતી. નગરપાલિકાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં જઈને મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા અને નાગરિકોને હું અવશ્ય મતદાન કરીશના શપથ લેવડાવ્યા હતાં. આ મતદાર જાગૃતિ રેલીમાં બોરસદ નગરપાલિકાના ચીફ ઓફીસર વિરાજકુમાર શાહ, નગરપાલિકાના કર્મચારીઓ અને બોરસદની વિવિધ શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયાં હતાં.

# આણંદમાંપતિએપત્નીને મારી પુત્ર ઝુંટવી લીધો

**ઘરેલું હિંસાના** કેસમાં રવિવારે જ મળવાની મંજુરી આપી હતી

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદની સ્વામીકૃપા સોસાયટીમાં રહેતા વિન્નીબહેન રાજન અંકલેશ્વર્યા તેમના પિતા-પિતા સાથે રહે છે. વિન્નીબહેનના લગ્ન 19મી જાન્યુઆરી, 2013ના રોજ રાજન સાથે પ્રેમલગ્ન થયાં હતાં. આ લગ્ન બાદ તેઓ અમદાવાદ રહેતાં હતાં. જેમાં એક પુત્ર ધ્વેનનો જન્મ પણ થયો હતો. જોકે, 2022ની સાલમાં સાસરીયાએ વિન્નીબહેનને ઘરમાંથી કાઢી મુક્યાં હતાં. જોકે, દિકરાની કસ્ટડી માટે આણંદની ફેમીલી કોર્ટમાં કેસ કરતાં રવિવારના દિવસે સાંજના ચાર વાગ્યાથી આઠ વાગ્યા સુધી રાજને પુત્ર ધ્વેનને મળવાની મંજુરી આપી હતી. જે આદેશ મુજબ 21મી એપ્રિલ,24ના રોજ રાજન ગાડીને લઇ આવ્યો હતો. પરંતુ ધ્વેનને જવું નહતું અને રડવા લાગ્યો હતો. આથી, રાજન ઉશ્કેરાઇ ગયો હતો અને દિકરાને આંચકી વિન્નીબહેનને નાક પર મુક્કો મારી દીધો હતો. બાદમાં તુ મારા દીકરાને નહીં આપે તો હું તને જાનથી મારી નાંખીશ. તેવી ધમકી આપી હતી. બાદમાં રાજન તેના પુત્રને લઈ જતો રહ્યો હતો. આખરે આ અંગે વિન્નીબહેન આણંદ ટાઉન પોલીસ મથકે રાજન મનોજ અંકલેશ્વર્યા (રહે. અમદાવાદ) સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

## નડિયાદ એસીબીએ અરજી આધારે દસ્તાવેજી, ટેકનિકલ અને વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કર્યાં

# ખેડા જિલ્લા પંચાયતના સિનીયર કલાર્કે રૂ.એક હજારની લાંચ માંગી

**ત્રણ વર્ષ પહેલા વય** નિવૃત્ત માટે પીએફના નાણા આપવા લાંચ માંચી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

ખેડા જિલ્લા પંચાયતના સિનીયર કલાર્કે ત્રણ વર્ષ પહેલા જીપીએફના આખરી ઉપાડના નાણાનો ચેક તથા અન્ય સહાયના ચેક માટે અરજદાર પાસેથી રૂ.1000ની લાંચ લીધી હતી. આ અંગે મળેલી અરજી આધારે એસીબીએ તપાસ કરતાં કેટલાક પુરાવા મળ્યાં હતાં. જેના પગલે સિનિયર કલાર્ક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ખેડા જિલ્લા પંચાયતના સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતાં ભરત રમેશચંદ્ર મિસ્ત્રી પાસે 17મી ફેબ્રુઆરી, 2021ના રોજ વયનિવૃત્તિનો કેસ આવ્યો હતો. આ કેસમાં ભરત મિસ્ત્રીએ અરજદારને વય નિવૃત્તિ બાદ મળતાં સરકારી લાભો જેવા કે જીપીએફના આખરી ઉપાડના નાણાનો ચેક, જુથ વીમાના નાણાનો ચેક આપવા માટે પ્રથમ રૂ.1500ની લાંચ માંગી હતી. જોકે, બાદમાં રકઝક થતાં રૂ. એક હજાર નક્કી થયાં હતાં. આથી, અરજદાર પાસેથી જે તે સમયે રૂ. એક હજાર લાંચ પેટે મેળવી લાંચની લેતી – દેતી સંબંધે હેતુલક્ષી વાતચીત કરી હતી. આ લાંચના નાણા સ્વીકારેલા હોય જે બાબતે એસીબીને અરજી મળી હતી. આ અરજી આધારે પ્રાથમિક તપાસ દરમિયાન ભરત મિસ્ત્રીએ અરજદાર સાથે લાંચની લેતી – દેતી સંબંધે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણા સ્વીકાર્યાં હોવાના કેટલાક પુરાવા મળ્યાં હતાં. જેમાં દસ્તાવેજી પુરાવા, ટેકનીકલ પુરાવા તથા વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા મળતાં લાંચની માંગણી અને સ્વિકારની બાબત ફલિત થઇ હતી.

આથી, ખેડા એસીબી પોલીસ સ્ટેશનમાં ખેડા જિલ્લા પંચાયતના સિનિયર કલાર્ક ભરત રમેશચંદ્ર મિસ્ત્રી સામે ભ્રષ્ટાચાર નિવારણની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર જે. આઈ. પટેલ દ્વારા સંભાળવામાં આવી છે. જ્યારે કે. બી. ચુડાસમાએ સુપરવિઝન કરી રહ્યાં છે.

# તારાપુરમાં ધારિયાના ઘા ઝીંકી હત્યાની કોશીષ કરી

**મોભા ગામમાં પતિ -** પત્ની જઇ રહ્યાં હતાં, તે દરમિયાન ગામના શખ્સે હુમલો કર્યો

(પ્રતિનિધિ) તારાપુર તા.24

તારાપુર તાલુકાના મોભા ગામમાં પશુપાલક દંપતી ગાયો દોવા માટે જઈ રહ્યાં હતાં, તે દરમિયાન ગામના શખ્સે પતિ પર ધારિયાના ઘા ઝીંકી હત્યાની કોશીષ કરી હતી. આ અંગે તારાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોભા ગામની ડાયમંડ ખડકીમાં રહેતા ગીતાબહેન ભાસ્કરભાઈ પટેલ પશુપાલન કરે છે અને તેમના પશુનો વાડો હરમાનપુરામાં આવેલા તેમના પ્લોટમાં છે. ગીતાબહેન 23મી એપ્રિલના રોજ તેમના પતિ ભાસ્કરભાઈ મગનભાઈ પટેલ (ઉ.વ.54) સાથે ગાયો દોવા માટે તેમના વાડા તરફ જવા નિકળ્યાં હતાં. આ સમયે ગીતાબહેન આગળ અને ભાસ્કરભાઈ પાછળ ચાલી રહ્યાં હતાં. દરમિયાનમાં પશુ દવાખાના પાસે યોગેશ ભાસ્કરભાઈ પટેલ નામનો શખ્સ અચાનક જ ભાસ્કરભાઈ પર હુમલો કર્યો હતો. યોગેશે ધારીયાના ઘા ભાસ્કરભાઈને મારી દેતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી અને ત્યાંજ ફસડાઇ પડ્યાં હતાં.

આ અચાનક હુમલાથી ભાસ્કરભાઈએ બુમાબુમ કરતાં યોગેશ ધારીયુ લઈ ભાગી ગયો હતો. જ્યારે આસપાસના લોકો દોડી આવતાં ભાસ્કરભાઈને લોહી લુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયાં હતાં. જ્યાં તેમની સ્થિતિ ગંભીર જણાતા વધુ સારવાર માટે કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ અંગે ગીતાબહેનની ફરિયાદ આધારે તારાપુર પોલીસે યોગેશ ભાસ્કર પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવના મોભા ગામમાં ઘેરા પડઘા પડ્યાં હતાં અને પોલીસે ભાસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

# આણંદમાં પત્નિને NRI પતિએ ત્રાસ આપ્યો

**પતિએ પોર્ટુગલથી** મેસેજ મોકલ્યો 5 લાખ મોકલ અથવા છુટાછેડા આપી દે

(પ્રતિનિધિ) આણંદ તા.24

અમદાવાદની યુવતી અગાઉ દુબઇ રહેતી હતી તે સમયે તેણે ઓડ ગામના યુવક સાથે પ્રેમ થયો હતો અને તેઓએ ભારત આવી લગ્ન કર્યાં હતાં. જોકે, આ લગ્ન સંબંધમાં દહેજ માટે સાસરિયાએ ત્રાસ આપ્યો હતો.

અમદાવાદમાં રહેતા આરતીબહેન પટેલ 2017માં દબઈ ગયાં હતાં. આ સમયે તેમને ઓડ ગામના ચિંતન પિયુષભાઈ પટેલનો સંપર્ક થયો હતો અને પ્રેમસંબંધ બંધાયો હતો. બાદમાં તેઓ ભારત આવી 29મી ઓક્ટોબર,2018ના રોજ રજીસ્ટર લગ્ન કર્યાં હતાં. જોકે, આ લગ્ન બાદ આરતીબહેનને તેમના માતા પિતા બોલાવતાં હતાં. જ્યારે સાસુ - સસરા રાજકોટ રહેતાં હતાં. જેથી આરતીબહેન અને ચિંતન પણ અમદાવાદ રહેવા ગયાં હતાં. દરમિયાનમાં 1લી નવેમ્બર,2018ના રોજ આરતીબહેનના સાસુ - સસરા સામાન લઈ અમદાવાદ આવી ગયાં હતાં અને તેમની ફાઈલ ટુંક સમયમાં ખુલવાની હોય, તેઓ અમદાવાદ જ રહેશે. આરતીબહેન સાથે શરૂઆતમાં સારી રીતે રહ્યાં બાદ ઘરમાં નાની - મોટી વસ્તુ લાવવા બાબતે સાસુએ મ્હેણાં - ટોણાં મારવાનું શરૂ કરી દીધું હતું. નાની નાની બાબતે ઝઘડાઓ કરવા લાગ્યાં હતાં. આ બાબતે સસરાનું ધ્યાન દોરતાં તેઓ પણ સાસુને સાથ આપવા લાગ્યાં હતાં. તેમની ફાઈલ ખુલવાની હોવાથી આડકતરી રીતે પૈસાની જરૂરિયાત બાબતે જણાવતાં હતાં. તેઓ વારંવાર અમારી ફાઈલ ખુલતા પૈસાની જરૂર પડશે. અમે ક્યાંથી લાવીશું ? તેમ કહી પૈસાની માગણી કરવા લાગ્યાં હતાં. આ મામલે ચિંતન પણ આરતીબહેન પર ઉશ્કેરાઈ જતો હતો. આખરે સાસુ - સસરા 2019માં અમેરિકા જતાં રહ્યાં હતાં.

બીજી તરફ ચિંતનને આડકતરી રીતે મારા એકલાના પગારમાં પરવડી શકે નહીં. તેમ કહી આરતીબહેન પર નોકરી કરવા દબાણ કર્યું હતું. આ ઉપરાંત અમેરિકામાં રહેતા તેના માતા - પિતા પણ ચઢવણી કરતાં હતાં અને આરતીના પિયરમાંતી નાણા લાવવાનું કહેતાં હતાં. આ ઉપરાંત ચિંતને મકાન ખરીદવા માટે કહેતાં આરતીબહેન તેના ભાઈ પાસેથી રોકડા રૂ.20 લાખ લઈ ચિંતનને આપ્યાં હતાં. જોકે, ચિંતને વિદેશથી માતા - પિતા પૈસા મોકલશે એટલે પરત આપી દેશે. તેમ જણાવ્યું હતું. પરંતુ વાયદો પુરો કર્યો નહતો. દરમિયાનમાં 2021માં ચિંતને વિદેશ જવાની વાત કરી હતી અને પિયરમાંથી વધુ નાણા લાવવા કહ્યું હતું. પરંતુ આરતીબહેને અગાઉના 20 લાખ આપ્યાં ન હોવાનું કહેતા તેને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આખરે પિયરમાંથી વાત કરતાં પિયરીયાએ ચિંતનને તમામ ખર્ચો આપ્યો હતો. જેથી 2022માં તે પોર્ટુગલ ગયો હતો.

ચિંતન પોર્ટુગલ ગયો બાદ તેને કોઈ કામ ધંધો મળ્યું નહતો. આ ઉપરાંત બાઈકની માંગ કરતાં આણંદનું મકાન વેચી પૈસા મોકલ્યાં હતાં. પરંતુ ચિંતન અવાર નવાર ફોન કરી પૈસાની માગણી કરતો રહે છે અને ના પાડતાં અપશબ્દ બોલી ઝઘડો કરતો હતો. તેમાંય 22મી નવેમ્બર,2023ના રોજ સોશ્યલ મિડિયા પર મેસેજ કરી કહ્યું હતું કે, મને દસ દિવસમાં 5 લાખ રૂપિયા મોકલ. જો પૈસાની વ્યવસ્થા ન થાય તો મને છુટાછેડા આપી દે. એટલે હું બીજા લગ્ન કરી પૈસા કમાઈશ. આખરે આ મામલે અમેરિકા કહેતાં ડિસેમ્બર 2023માં ભારત આવી મિટિંગ કરી હતી. જેમાં તેઓએ પિયરમાં જેમ રહેવું હોય તેમ રહે. તેમ કહી અમેરિકા જતાં રહ્યાં હતાં. જ્યારે ચિંતન પણ પોર્ટુગલ જતો રહ્યો હતો. બાદમાં તેઓએ સંપર્ક કાપી નાંખ્યો હતો. આખરે આ અંગે આરતીબહેને આણંદ મહિલા પોલીસ મથકે પતિ ચિંતન પટેલ, સાસુ બિંદુબહેન પટેલ અને સસરા પિયુષ પટેલ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદમાં વાહન ટકકરે અજાણ્યાનું કરુણ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદ શહેરના વઘાસી પાસે વાહન ટક્કરે અજાણ્યા વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ અંગે ગ્રામ્ય પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ શહેરના વઘાસી બ્રીજ ઉપરથી ચિખોદરા જવાના રસ્તા પર રાત્રિના સમયે અજાણ્યો ઈસમ રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે વખતે કોઈ વાહને ટક્કર મારી હતી. જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આ અકસ્માત 24મી એપ્રિલ,24ના રોજ રાત્રિના ચારેક વાગ્યાના સુમારે બની હતી. આ અંગે ગ્રામ્ય પોલીસે મૃતકની ઓળખ માટે તજવીજ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
કિશોર પ્લાઝા, આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
**ઈશાન ન્યૂઝ પેપર એજન્સી**
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ,
સંપર્ક : 9924487199